કુમકુમના પગલા પડ્યાં, માડીના હેત ઢળ્યા, જોવા લોક ટોળે વળ્યા રે...



# ગાંધીનગર સમાચાર



Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૧૫ | ૧૫ ઓક્ટોબર, ૨૦૧૫, ગુરૂવાર ; આસો સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- દાદરીમાં થયેલી હત્યા ખુબ દુખદ છે : પ્રધાનમંત્રી
- સંઘ મોદીને ગોધરાના હિરો માને છે : આજમ ખાન
- મુસ્લિમ ટોપી પહેરવા સુશીલ મોદીએ ઈન્કાર કરતા ચર્ચાઓ
- તિસ્તાને મોટી રાહત : ૮મી સુધી ધરપકડ નહીં થઈ શકે
- માયાના બંગલા ઉપર કરાયેલા ખર્ચની વિગત આપવા હાઈકોર્ટનો આદેશ
- સતત ત્રીજા દિવસે મંદી : ૬૭ પોઈન્ટનો અંતે ઘટાડો
- ડોલર સામે રૂપિયો ૧૪ પૈસા મજબુત થઈ બંધ
- હવે ટીસીએસ દ્વારા ભરતી ટાર્ગેટમાં વધારો કરી દેવાયો
- મોંઘવારી આસમાને : તમામ દાળના ભાવ ઉંચી સપાટીએ
- કામકાજની દ્રષ્ટિએ ગુગલ દુનિયાની સર્વશ્રેષ્ઠ કંપની
- કેમેરા, અલાર્મ જેવા સુરક્ષા સાધન સાથે હાર્ડવેરની શોધ

# શિવસેના પ્રધાનમંત્રીથી નારાજ

**નિવેદન નરેન્દ્ર મોદીનું નહીં બલ્કે વડાપ્રધાનનું છે : શિવસેના : ગોધરા અને અમદાવાદના બનાવના કારણે મોદી વિશ્વભરમાં જાણીતા થયા હતા : શિવસેનાએ ફરી ગુજરાત રમખાણનો મુદ્દો ઉઠાવ્યો : રાજકીય વિવાદ**

નવી દિલ્હી,તા. ૧૪

દાદરી હત્યાકાંડ અને મુંબઈમાં ગુલામઅલીના કોન્સર્ટને રદ કરવાના મામલા ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનને લઈને શિવસેનાએ નારાજગી વ્યક્ત કરી છે. શિવસેનાએ કહ્યું છે કે, આ નિવેદન નરેન્દ્ર મોદીનું નહીં બલ્કે વડાપ્રધાનનું છે. શિવસેનાના પ્રવક્તા સંજય રાઉતે કહ્યું છે કે, આ નિવેદન અમારા પ્રિય મોદીનું હોઈ શકે નહીં, બલ્કે વડાપ્રધાન તરફથી આપવામાં આવેલ નિવેદન છે જે દુઃખદ છે. હકીકતમાં શિવસેનાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જયારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાની ગઝલ ગાયક ગુલામ અલીના કોન્સર્ટને રદ કરવા અને દાદરી હત્યાકાંડના મામલામાં પ્રતિક્રિયા આપી છે. મોદીએ લાંબા મૌનને તોડતાં આજે કહ્યું હતું કે, આ ઘટના દુઃખદ હતી. શિવસેનાએ જોરદાર વિરોધ કરતાં થોડાક દિવસ પહેલાં જ મુંબઈમાં આયોજિત થનાર ગુલામ અલીના કાર્યક્રમને રદ કરવાનો નિર્ણય કરાયો હતો. ગુલામ અલીના કાર્યક્રમને રદ કરવામાં આવ્યા બાદ દેશભરમાં આકરી પ્રતિક્રિયાઓ આવી હતી. જેને લઈને તર્ક વિતર્કોનો દોર પણ શરૂ થયો હતો. આક્ષેપબાજી પણ શરૂ થઈ હતી. રાજકીય નિવેદનબાજી પણ શરૂ થઈ હતી. ગુલામ અલીના કાર્યક્રમને રદ કરવામાં આવતા બોલીવુડમાં પણ આકરી પ્રતિક્રિયાઓ આવી હતી. શિવસેનાનું કહેવું છે કે વડાપ્રધાનનું નિવેદન તમામને આશ્ચર્યમાં મુકે તેવું છે. સંજય રાઉતે કહ્યું છે કે, આ નિવેદન તેમના ચાહકોને નિરાશ કરશે. એક બંગાળી અખબાર આનંદ બજાર પત્રિકાને આપેલી મુલાકાતમાં મોદીએ દાદરી બનાવ અંગે નારાજગી વ્યક્ત કરી હતી. શિવસેનાએ ભારે હોબાળો મચાવ્યો હતો. વડાપ્રધાનની ઝાટકણી કાઢતા સંજય રાઉતે કહ્યું છે કે, મોદી ગોધરા અને અમદાવાદના બનાવના કારણે વિશ્વમાં જાણીતા થયા હતા.

# દાઉદની હજાર કરોડની સંપત્તિ ફ્રીઝ કરાશે

**મોદીની ઐતિહાસિક બ્રિટન યાત્રા પહેલા ડોઝિયર તૈયાર : બ્રિટનમાં પણ દાઉદની સંપત્તિની યાદી તૈયાર થઈ : બ્રિટનમાં તપાસ સંસ્થાઓ સાથે મંત્રણાનો દોર : દાઉદના સામ્રાજ્યને ખતમ કરવા માટે સરકાર સુસજ્જ**



બ્રિટેનમાં દાઉદની ૧૫થી વધુ પ્રોપર્ટી હોવાનું જાણવા મળ્યું છે. યુએઈમાં દાઉદ અને તેના સાગરીતોની સંપત્તિને શોધી કાઢીને તેમના ઉપર દબાણ લાવ્યા બાદ હવે ભારતે બ્રિટેનમાં દાઉદની સંપત્તિની યાદી તૈયાર કરી લીધી છે. આ સંપત્તિ ૧ હજાર કરોડથી વધુની છે. ભારતની દાઉદની આ સંપત્તિના સંદર્ભમાં બ્રિટેનમાં તપાસ સંસ્થાઓ સાથે વાતચીત ચાલી રહી છે. બ્રિટેનમાં દાઉદના સામ્રાજ્યની રચના દાઉદના નજીકના સાથી ઈકબાલ મીર્ચી દ્વારા કરાઈ હતી. જેનું ૨૦૧૩માં મોત થયું હતું. આ યાદી મોદીના પ્રવાસ વેળા બ્રિટનને સોંપવામાં આવી શકે છે. ભારતે ઈન્ટરનેશનલ ડોન દાઉદ ઈબ્રાહિમના સામ્રાજ્યને તોડી પાડવા માટે તમામ નિતી અમલી કરવાની યોજના બનાવી છે. આના ભાગરૂપે જ આ નિતી તૈયાર છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભારત તરફથી દાઉદના બ્રિટન, યુરોપ અને

કરીને એક ડોઝિયર તૈયાર કર્યું છે. આ ડોઝીયર બ્રિટીશ વડાપ્રધાન ડેવીડ કેમરુનને સુપ્રત કરવામાં આવી શકે છે. જેમાં દાઉદની ગેરકાયદેસર સંપત્તિનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર







રંગે રમો... આનંદે રમો - મા-આદ્યશક્તિની આરાધનાનું પાવન પર્વ નવરાત્રિનો ઉલ્લાસપૂર્વક આરંભ થયો છે... નવરાત્રિના પ્રથમ નોરતે ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત નવરાત્રિ મહોત્સન નવલી નવરાત-૨૦૧૫ના ગરબા ગ્રાઉન્ડમાં ગાંધીનગરનું યૌવન ઉમટી પડ્યું હતું. યુવાનોમાં રહેલો ઉત્સાહ પહેલા નોરતેથી જ દેખાઈ રહ્યો હતો.... (તસવીર : હિરેન ભટ્ટ)

# પાટીદાર આંદોલનની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સંભવિત અસર અંગે સમીક્ષા કરાઈ

ગાંધીનગર, તા. ૧૪

રાજ્યમંત્રી મંડળની આજે મળેલી બેઠકમાં સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીઓમાં પાટીદાર આંદોલનની અસર પ્રભાવત વિસ્તારો અંગે ચર્ચા વિચારણા કરીને ભાજપને વિજય બનાવવા માટેની રણીનિતી ઘડવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સાંજે રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. જેમાં દરેક મંત્રીઓ પાસેથી તેમના મત વિસ્તારમાં પાટીદાર અનામત આંદોલનથી પ્રભાવીત વિસ્તાર આંદોલનની અસર તેના આઘાત પ્રત્યાઘાતો અંગેની કેવી સ્થિતિ છે એ અંગેની વિગતો મેળવવામાં આવી હતી.

અંતરંગ વિશ્વાસ પાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પાટીદાર અનામત આંદોલનની જો હાલમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજવામાં આવે તો તેની કોઈ પ્રતીકૂળ અસર પડે તેમ છે કે નુકશાન થાય તેમ છે તે અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને દરેક મત વિસ્તારોની સ્થાનિક પરિસ્થિતિની વિગતો મેળવવામાં આવ્યા બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ક્યારે યોજવી એ અંગેનો નિર્ણય લેવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ યુવા સ્વાવલંબન યોજના જાહેર કરેલ છે તેને પ્રજામાંથી કેવો પ્રતિસાદ મળ્યો છે એ અંગેની વિગતો પણ મેળવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત દરેક મત વિસ્તારમાં પીવાના પાણીની સિંચાઈની શું પરિસ્થિતિ છે તે અંગે તેમજ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નવા ખાતમુહૂર્ત ઉદ્ઘાટન કાર્યક્રમો કરવામાં હવે કોઈ સમસ્યા ઉભી થઈ શકે એમ છે કે નહી અને પ્રતિકૂળ વાતાવરણ છે કે નહી તે અંગે પણ વિગતો મેળવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# જિલ્લાના માણેકપુરમાં સ્વાઈન ફ્લુનો એક કેસ

**અમદાવાદ-ગાંધીનગર નજીક ખાનગી હોસ્પિટલમાં દર્દી સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૪

કલોલ તાલુકાના માણેકપુર ગામેથી સ્વાઈન ફ્લુ પોઝેટીવનો કેસ મળી આવ્યો છે. આ સાથે જિલ્લામાં સ્વાઈન ફ્લુની સંખ્યા નવ પર પહોંચી છે. બાવન વર્ષીય દર્દીને ગાંધીનગર-અમદાવાદ નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. જ્યાં તેની તબીયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લામાં જે ૯ દર્દી નોંધાયા છે. તે પૈકી ૬ દર્દી સંપૂર્ણ સાજા થતાં રજા અપાઈ છે. ત્યારે ૩ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. જેમાં ૧ દર્દી વેન્ટીલેટર પર છે.

દર્દીના ઘરની આસપાસના વિસ્તારમાં તંત્ર દ્વારા સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ અન્ય કોઈ શંકાસ્પદ કેસ થયેલ નથી.


**CENTRAL UNIVERSITY OF GUJARAT**
Sector - 29, Gandhinagar - 382 030,
Ph: 079 23977405 website: www.cug.ac.in

**SHORT TENDER NOTICE FOR PRINTING OF ANNUAL REPORT**

Advt. No. 10/2015-16 dated 13/10/2015

Sealed Tenders in "Two Bids System" are invited for printing the Annual Report 2014-15 for Central University of Gujarat, Gandhinagar. For complete details of the tender notice, terms and conditions and other details etc. Kindly visit University website www.cug.ac.in Last date for submission of tender is 22.10.2015 by 3.00 P.M.

REGISTRAR

**જોઈએ છે**
• LED TV • LCD TV
• Colour TV જુના બંધ હાલતમાં
શૈલેષભાઈ : ૯૭૧૪૧ ૯૮૩૬૬

